**મહુધાનાના ડડુસર રોડ પર ફીણાવ ભાગોળ પાસે ભૂગર્ભ ગટરની ખુલ્લી ચેમ્બરમાં પશુ પડતાં દોડધામ**

# મહુધામાં ખુલ્લી ગટર ચેમ્બરમાં ગાય ખાબકી, તંત્રની બેદરકારી સામે રોષ

**સમયસર જેસીબી** બોલાવી ગાયને સહીસલામત બહાર કઢાઈ



(પ્રતિનિધિ) મહુધા તા.૨૬

મહુધાથી ડડુસર તરફ જતા મુખ્ય માર્ગ પર ફીણાવ ભાગોળ પાસે લાંબા સમયથી ખુલ્લી પડેલી ભૂગર્ભ ગટરની ચેમ્બરમાં એક ગાય પડી જવાની ઘટના બની છે. રસ્તાની વચોવચ આવેલી આ જોખમી ચેમ્બરમાં પશુ ખાબકતાં આસપાસના લોકોમાં નગરપાલિકા તંત્રની બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મહુધાના ડડુસર રોડ પર ફીણાવ ભાગોળ નજીક મુખ્ય માર્ગની વચ્ચે જ આવેલી ભૂગર્ભ ગટરની ચેમ્બર પર કોઈ પણ પ્રકારનું ઢાંકણ ન હોવાથી વાહનચાલકો અને પશુઓ માટે ભયજનક સ્થિતિ નિર્માણ થઈ છે.

### રાત્રિના સમયે જીવલેણ અકસ્માતનો ભય

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, મુખ્ય રસ્તાની વચ્ચે આવેલી આ ખુલ્લી ગટર દિવસ દરમિયાન તો દેખાઈ જાય છે પરંતુ રાત્રિના અંધકારમાં કે પ્રકાશના અભાવે દ્વિચક્રી વાહનચાલકો તેમાં ખાબકીને ગંભીર ઈજાઓ કે મૃત્યુ પામે તેવી પૂરી સંભાવના છે. વારંવાર રજૂઆતો કરવા છતાં નગરપાલિકા દ્વારા પાયાની સમસ્યાઓ તરફ ધ્યાન ન અપાતું હોવાનો આક્ષેપ રહીશો કરી રહ્યા છે.

રસ્તા પરથી પસાર થઈ રહેલી એક ગાય અચાનક આ ખુલ્લી ગટરમાં ખાબકતાં રાહદારીઓ અને સ્થાનિક યુવાનો બચાવ કાર્ય માટે દોડી આવ્યા હતા. ગટર ઊંડી હોવાથી માનવબળથી ગાયને બહાર કાઢવી શક્ય ન હોતાં તાત્કાલિક જેસીબી મશીન મંગાવવામાં આવ્યું હતું. જેસીબીની મદદથી ભારે જહેમત બાદ ગાયને ગટરમાંથી સહીસલામત બહાર કાઢવામાં આવતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

## આણંદમાં અંબામાતા મંદિર ખાતે શરદ નવરાત્રિની ઉજવણી





આણંદ શહેરના લાંભવેલ રોડ પર આવેલા અંબામાતા મંદિર ખાતે શરદ પૂર્ણિમા ગરબા ઉત્સવ નિમિત્તે ધાર્મિક માહોલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી આશાપુરા જનસેવા ટ્રસ્ટ, આણંદના આયોજન હેઠળ ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં ખેલૈયાઓએ પરંપરાગત પોશાકમાં માતાજીની આરાધના સાથે ગરબે ઘૂમી ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. આ ગરબાના કાર્યક્રમમાં ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શ્રી યંત્ર રાજોપચાર પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક વિધિ-વિધાન સાથે માતાજીની પૂજા-અર્ચના કરી સૌના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ભક્તિભાવ અને ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

## નડિયાદમાં રખડતા શ્વાનના હુમલામાંથી નીલગાયના બચ્ચાનો આબાદ બચાવ



નડિયાદ શહેરમાં આવી ચડેલા નીલગાયના બચ્ચા પર રખડતા શ્વાનના ટોળાએ જીવલેણ હુમલો કરી તેને ગંભીર રીતે લોહીલુહાણ કર્યું હતું. આ બનાવ જોઈ આસપાસના સ્થાનિક નાગરિકોએ તાત્કાલિક દોડી આવીને શ્વાનોને ભગાડી વધુ ઇજાઓ થતી અટકાવી હતી. જાગૃત નાગરિકોની જાણ બાદ કરુણા એનિમલ એમ્બ્યુલન્સની ટીમ સમયસર ઘટનાસ્થળે દોડી આવી હતી. પશુ ચિકિત્સકોએ ત્વરિત ઇમરજન્સી સારવાર આપીને મૂંગા પશુના બચ્ચાનો જીવ સફળતાપૂર્વક બચાવી લીધો હતો.

# આતરસુંબા ગ્રામ પંચાયતમાં સરપંચ પદ એસસી અનામત રાખવા રજૂઆત

**સરપંચ પદ** અનામત ન રખાતાં હાઈકોર્ટના દરવાજા ખટખટાવવાની ચીમકી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૬

કપડવંજ તાલુકાના આતરસુંબા ગ્રામ પંચાયતમાં પંચાયતી રાજ વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ આજદિન સુધી સરપંચ પદ માટે અનુસૂચિત જાતિ બેઠક ફાળવવામાં આવી નથી. પોતાના બંધારણીય અને કાયદાકીય હકોના રક્ષણ તેમજ સ્થાનિક નેતૃત્વમાં સમાન ભાગીદારી મેળવવા માટે ગામના પરેશકુમાર આર. રોહિત સહિત અનુસૂચિત જાતિ સમાજના મતદારો અને નાગરિકો દ્વારા પંચાયત મંત્રી, વિકાસ કમિશનર, કલેક્ટર, ડીડીઓ અને ટીડીઓને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

આતરસુંબા ગામમાં અનુસૂચિત જાતિ સમાજની વસ્તી આશરે ૨૨ ટકા જેટલી નોંધપાત્ર છે અને ગામમાં ૩૪૦થી વધુ અનામત વર્ગના મતદારો નોંધાયેલા છે. આમ, ગામમાં વસ્તીના યોગ્ય સમીકરણો હોવા છતાં, દાયકાઓ વીતી જવા છતાં ક્યારેય એસસી શ્રેણી માટે સરપંચ પદ અનામત રખાયું નથી, જેના કારણે સમાજ રાજકીય પ્રતિનિધિત્વથી વંચિત રહ્યો છે.

અંગે અરજદારોના જણાવ્યા મુજબ, મોટી વસ્તી હોવા છતાં અનામતનો લાભ ન આપવો તે સામાજિક ન્યાયના મૂળભૂત સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે. આતરસુંબા ગ્રામ પંચાયતમાં અનુસૂચિત જાતિ સમાજની સત્તાવાર વસ્તી અને મતદારોના આંકડાઓની તાકીદે ચકાસણી કરવામાં આવે. પંચાયતી રાજ અમલમાં આવ્યા પછી અત્યાર સુધી સરપંચ પદની અનામત ફાળવણી કઈ પદ્ધતિથી થઈ છે ? તેનો સત્તાવાર રેકોર્ડ મંગાવી તપાસ કરાય. આગામી ગ્રામ પંચાયત ચૂંટણીમાં રોટેશનના નિયમ અને વસ્તીના પ્રમાણના આધારે સરપંચ પદ SC માટે અનામત ફાળવતો વહીવટી આદેશ સત્વરે જાહેર થાય. આ રજૂઆત અંગે તંત્ર દ્વારા તટસ્થ કારણદર્શક નિર્ણય આપી લેખિત જાણ કરવામાં આવે તેવી માગણી કરી છે.

### કલેક્ટરને રાજ્ય ચૂંટણી આયોગનો નિર્દેશ

નાયબ વિકાસ કમિશનર (ગાંધીનગર) મારફતે મળેલી ૦૭મી સપ્ટેમ્બર, ૨૦૨૬ની રજૂઆત અંગે રાજ્ય ચૂંટણી આયોગે ગંભીર નોંધ લીધી છે. આ વિષય જિલ્લા કલેક્ટરના ક્ષેત્રાધિકારનો હોવાથી, આયોગે કલેક્ટરને જરૂરી કાનૂની કાર્યવાહી કરવા અને કરેલી કામગીરી અંગે અરજદાર તથા આયોગને લેખિત જાણ કરવા આદેશ કર્યો છે.

# નર્સિંગની વિદ્યાર્થિની પર પતિ અને સાસરિયાનો ત્રાસ

**દારૂ પીને** મારઝૂડ કરવા તથા અભ્યાસ બાબતે શંકા રાખી છૂટાછેડા માંગ્યા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૬

મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ઊંડેરા ગામમાં પરિણિતા પર થતા અમાનુષી શારીરિક-માનસિક ત્રાસ અંગે મહિસાગર મહિલા પોલીસ મથકે પતિ અને સાસુ - સસરાં સામે ફરિયાદ નોંધાઈ છે.

મહિસાગરના વેડ ગામની વતની અને હાલ એ.એન.એમ. નર્સિંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી ૨૫ વર્ષીય ભૂમિકાબેનના લગ્ન જાન્યુઆરી ૨૦૨૩માં ઊંડેરા ગામના મનોજભાઈ કાન્તીભાઈ પાટીલ સાથે થયા હતા. લગ્નના ત્રણ મહિના બાદ જ પતિ દારૂ પીને આવી જમવાનું બનાવતા નથી આવડતું તેમ કહી અવારનવાર શારીરિક-માનસિક ત્રાસ આપતો હતો.

આ ઉપરાંત, સાસુ લલીતાબેન અને સસરા કાન્તીભાઈ પણ દારૂડિયા દીકરાનો પક્ષ લઈ પરિણિતાને પિયર જતી રહેવા દબાણ કરતા હતા. ભૂમિકાબેન કોલેજ જાય ત્યારે પતિ શંકા રાખી છૂટાછેડા આપી દેવાનું કહી ગાળો બોલી મારઝૂડ કરતો હતો. પોલીસ મથકમાં કાઉન્સેલિંગ કરાવવા છતાં સાસરિયાઓએ સાથે રાખવાની ના પાડી દેતાં પરિણિતાએ પિયરમાં આશરો લીધો હતો.

આ બનાવ અંગે ભૂમિકાબેને પતિ મનોજભાઈ પાટીલ, સસરા કાન્તીભાઈ અને સાસુ લલીતાબેન સામે મહિલા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### તારાપુરના કસ્બારા ગામે રૂ. ૭.૭૫ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત



**તારાપુર** | તારાપુર તાલુકાના કસ્બારા ગામે સોજીત્રાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ અને જિલ્લા સંગઠન પ્રમુખ સંજયભાઈ પટેલની વિશિષ્ટ ઉપસ્થિતિમાં રૂ. ૭ કરોડ ૭૫ લાખના વિવિધ વિકાસ કાર્યો સંપન્ન થયા હતાં. આ કાર્યક્રમ અંતર્ગત કસ્બારા-પચેગામ-ચીતરવાડા રોડ, કાંસની ગેબીયન વોલ તથા નાળાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સાથે મોટા કલોદરા-ખડા-જાફરગંજ રોડ સહિત કસ્બારા અને રીંઝા ગામે પશુ દવાખાનાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા અને તાલુકા સંગઠનના પદાધિકારીઓ, પૂર્વ પંચાયત સભ્યો તથા સ્થાનિક ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### નડિયાદની કેડીસીસી બેંકની ઉજ્જૈન જિલ્લા સહકારી સંઘના પ્રબંધકે મુલાકાત લીધી



**નડિયાદ** | ઉજ્જૈન જિલ્લા સહકારી સંઘના પ્રબંધક સમરસિંગ સોલંકી અને પ્રતિનિધિ મંડળે ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ (કેડીસીસી) બેંક લિમિટેડ, નડિયાદની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે બેંકની આધુનિક કાર્યપદ્ધતિ, માઇક્રો એટીએમ, ટેબલેટ બેંકિંગ, વોટ્સએપ બેંકિંગ અને અન્ય અદ્યતન ડિજિટલ બેંકિંગ સેવાઓની પ્રત્યક્ષ માહિતી મેળવી હતી. ચેરમેન ડો. તેજશકુમાર બી. પટેલના નેતૃત્વમાં ખેડૂતો, પશુપાલકો અને ગ્રાહકો માટે વિકસાવેલા સુલભ બેંકિંગ મોડેલ તથા નવા નિર્મિત સરદાર પટેલ સહકાર ભવનની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે કેડીસીસી બેંકના ચેરમેન ડો. તેજશકુમાર બી. પટેલ, ઉજ્જૈન સંઘના પ્રબંધક સમરસિંગ સોલંકી તેમજ બેંકના સિનિયર અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદમાં ચાર ગામ વિશા ખડાયતા મિત્ર મંડળ દ્વારા ભવ્ય ગરબા ઉત્સવની ઉજવણી કરાઇ



**આણંદ** | ચાર ગામ વિશા ખડાયતા મિત્ર મંડળ આણંદ દ્વારા પ્રમુખ જીગેશભાઈ કે. શાહ, માનદ મંત્રી રિષી જે. શાહ, સાંસદ મિતેશભાઈ પટેલ અને મેયર દીપિકાબેન પટેલ સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગરબા ઉત્સવ ૨૦૨૬ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે પ્રમુખ જીગેશભાઈ શાહે આવકાર પ્રવચન આપી સમાજને ઉદાર હાથે દાન અને સહકાર આપવા હાકલ કરી હતી, જેમાં ૬૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર આરતી ઉતારી હતી. વિવિધ પરિધાનમાં ખેલૈયાઓએ ગરબા અને દાંડિયારાસની રમઝટ બોલાવી હતી, તેમજ વિજેતાઓને ઇનામો, ફ્રી હેમ્પર, બાળકોને ભેટ અને લોકોને લહાણી આપવામાં આવી હતી. આ સફળ કાર્યક્રમનું સંચાલન અંકુર શાહ અને હિરેશભાઈ શાહે કર્યું હતું.

### ખંભોળજમાં જય રણછોડ માલધારી યુવક મંડળ દ્વારા ડાકોરના પદયાત્રીઓ માટે ભવ્ય સેવા કેન્દ્ર



**આણંદ** | સારસા-ખંભોળજ રોડ પર છેલ્લા ૧૦ વર્ષ ઉપરાંતથી દર પૂનમે 'જય રણછોડ માલધારી યુવક મંડળ' દ્વારા ડાકોરના પદયાત્રીઓ માટે સેવા કેન્દ્ર ચલાવવામાં આવે છે. દર પૂનમે બે દિવસ અગાઉથી શરૂ થતા આ કેન્દ્રમાં પદયાત્રીઓ માટે નાહવા-ધોવા, વિરામ-આરામ અને ભોજનની ઉત્તમ સગવડ પૂરી પાડવામાં આવે છે. યાત્રીઓને એ ગ્રેડ મેંગો ડિલાઈટ અને પાવભાજી જેવા ઉત્તમ ભોજનની સેવા આપવામાં આવે છે. આ સેવા કેન્દ્રનો દર પૂનમે ૫ થી ૬ હજાર પદયાત્રિકો ભક્તિભાવપૂર્વક લાભ લે છે.

### ગુજરાત રાજ્ય ભાથીસેના પરિવારની કારોબારી બેઠકમાં નવા હોદ્દેદારોની નિમણૂક કરાઇ



**આણંદ** | ભાથીસેના પરિવાર ગુજરાતના સંસ્થાપક રજનીસિંહ ચૌહાણ બાપુ અને ડાકોર દંડવત બાપુની આગેવાની હેઠળ સંગઠનને વધુ મજબૂત બનાવવા કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યના તમામ જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સમિતિના હોદ્દેદારો તેમજ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠક દરમિયાન વિવિધ જિલ્લાઓના સક્રિય અને પાયાના કાર્યકરો તથા આગેવાનોને રાજ્ય કારોબારી સમિતિમાં સભ્યો તરીકે સત્તાવાર નિમણૂક આપવામાં આવી હતી. છેલ્લા ૧૧-૧૨ વર્ષથી પ્રમુખપદેથી સભ્યોના સહકાર વડે સંગઠનને શૂન્યમાંથી હીરો બનાવવાના ભગીરથ પ્રયાસોને વધુ વેગ આપવાનો નિર્ણય કરાયો હતો.

### કપડવંજ ખાતે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા ભવ્ય શરદોત્સવ ગરબા મહોત્સવ યોજાયો



**કપડવંજ** | શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ કપડવંજ અને કઠલાલના સંયુક્ત ઉપક્રમે શરદ પૂર્ણિમા નિમિત્તે કપડવંજ ખાતે ભવ્ય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં બ્રહ્મસમાજના પરિવારોએ ઉલ્લાસભેર ગરબા રમી સામાજિક એકતાના દર્શન કરાવ્યા હતા તથા દૂધપૌઆનો પ્રસાદ આરોગ્યો હતો. તન્મયભાઈ રાવલ (ભૂદેવ) તથા મયુરભાઈ શર્મા (સુવર્ણકૃપા) ના સૌજન્યથી યોજાયેલા આ મહોત્સવમાં કપડવંજ શહેર, મહિલા સંગઠન અને કઠલાલ શહેર સંગઠનનો સિંહફાળો રહ્યો હતો. આ કાર્યક્રમ અંગેની તમામ વિગતો કપડવંજ બ્રહ્મસમાજ પ્રમુખ સંદીપભાઈ વ્યાસ (રાજા) દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

### કપડવંજ બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા શરદ પૂર્ણિમા ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**કપડવંજ** | કપડવંજમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા શરદ પૂર્ણિમા નિમિત્તે ચૈતન્ય દેવીઓની ઝાંખી, રમણીક વેશભૂષા, વ્યસન મુક્તિનું નાટક અને ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બ્રહ્માકુમારી માલાબેને શરદ પૂર્ણિમાના ચંદ્રને આધ્યાત્મિક પૂર્ણતા, શીતળતા અને ઉર્જાનું પ્રતીક ગણાવી વિવિધ દેવીઓનો મહિમા વર્ણવ્યો હતો. દીપ પ્રજ્વલન પ્રસંગે ઉપસ્થિત રહેલાં મહાનુભવોનું ભેટ-સોગાત અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું મંચ સંચાલન બ્રહ્માકુમારી પૂજાબેને કર્યું હતું, જેમાં કલાવતીબેન અને અલકાબેન પણ સહભાગી રહ્યા હતા.

### કપડવંજમાં ઇન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા 30 વરિષ્ઠ તબીબોનું ભવ્ય સન્માન કરાયું



**કપડવંજ** | ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન કપડવંજ શાખા દ્વારા કઠલાલ ખાતે ૨૫ વર્ષથી વધુ સમયથી તબીબી સેવા આપતા 30 વરિષ્ઠ તબીબોનો ગૌરવપૂર્ણ સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં IMAના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. અનિલ નાયક તથા ગુજરાત રાજ્યના સચિવ ડો. તુષાર પટેલ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. IMA કપડવંજના પ્રમુખ ડો. હર્ષ પટેલે સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. અનિલ નાયકે મૂલભૂત સુવિધાઓના અભાવ વચ્ચે પણ દર્દીઓની નિષ્ઠાપૂર્વક સેવા કરનારા તબીબોના સમર્પણ, ત્યાગ અને પરિશ્રમને બિરદાવ્યા હતા.

### નડિયાદની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે 'સુરક્ષિત બચપન અભિયાન'નો પ્રારંભ કરાયો



**નડિયાદ** | નડિયાદની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ડિસ્ટ્રીક્ટ લિગલ સર્વિસ ઓથોરીટી અને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે 'સુરક્ષિત બચપન અભિયાન'નો પ્રારંભ કરાયો છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને બાળ સુરક્ષાના તકેદારીના પગલાં, બાળ લગ્ન પ્રતિબંધક કાયદો અને પોક્સો એક્ટ હેઠળના કાયદાકીય સંરક્ષણ અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી. ઉપસ્થિત અધિકારીઓએ બાળકોને ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર 1098, મહિલા હેલ્પલાઈન 181, પાલક માતા-પિતા યોજના અને શિક્ષણના મહત્વ વિશે માહિતગાર કર્યા હતા.

### આણંદ ફાયર બ્રિગેડ દ્વારા ઉત્તરસંડા આઈટીઆઈ ખાતે વિદ્યાર્થીઓને ફાયર અવેરનેસ તાલીમ આપી



**આણંદ** | કરમસદ-આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા ઉત્તરસંડા ITI ના વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે ફાયર અવેરનેસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચનાથી સબ ફાયર ઓફિસર વિશાલસિંહ ડોડ તથા ટીમ દ્વારા આગ સામે રક્ષણ મેળવવા અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાથમિક ધોરણે આગ બુઝાવવાની રીતો અને ફાયર અગ્નિશામક યંત્રોના યોગ્ય ઉપયોગ અંગે ઉપસ્થિત સૌને માહિતગાર કરાયા હતા. વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં ફાયર સેફ્ટી અંગે જાગરૂકતા ફેલાવવાના હેતુથી ફાયર ફાઈટિંગ કામગીરીનું લાઈવ ડેમોસ્ટ્રેશન પણ રજૂ કરાયું હતું.

### આણંદની ડીએન હાઈસ્કૂલના સાયન્સ વિભાગના વિદ્યાર્થીઓ રંગોળી સ્પર્ધામાં ઝળક્યા



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી. એન. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ આદી દેવી મહારુદ્રા સી.ઈ.એસ. નવરાત્રિ મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત આયોજિત રંગોળી સ્પર્ધામાં શાનદાર સફળતા મેળવી છે. જેમાં ધોરણ ૧૧-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ અને ધોરણ ૯-બીના વિદ્યાર્થીઓએ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ આણંદ જિલ્લા કક્ષાની અનાજ-કઠોળ રંગોળી સ્પર્ધામાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ સફળતા બદલ શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આચાર્ય ગિરીશભાઈ પટેલે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.